(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સામાઈયં | **સામાયિક** | ૨. મિચ્છાએ | **મિથ્યાભાવે કરેલી** |
| ૩. પડિલાભેમાણે | **ભાવથી આપતો થકો** | ૪. પર–પરિવાદ | **બીજાની નિંદા કરવી, વાંકુ બોલવું** |
| ૫. અનિયાણો | **નિદાન રહિત છું** | ૬. મોહરિએ | **જેમ તેમ નિરર્થક બોલવું** |

**(બ) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | મૂળ પાઠ | પાઠ |
|---|---|---|
| ૧. પ્રવચન | **પાવયણં** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. રૌદ્રધ્યાન કરવાથી | **રુદ્દેણં ઝાણેણં** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૩. વધારે સૂતા રહેવાથી | **પગામસિજ્જાએ** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૪. કમળ સમાન | **પુંડરિયાણં** | **સામાયિકનો સાતમા પાઠમાં** |
| ૫. એવું પણ | **એયં પિ ય ણં** | **સંથારાના પાઠમાં** |

**(ક) માત્ર સંખ્યા લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. સમકિતના અતિચાર | **૫** | ૨. લક્ષણ | **૧૦૦૮** | ૩. તપ | **૧૨** |
| ૪. પાઢિયારી | **૬** | ૫. અશુભ લેશ્યા | **૩** | ૬. શ્રાવકના મનોરથ | **૩** |

**(ડ) પાઠ પૂર્તિ કરો.** **(૪)**

૧. મે મિ **ઉગ્ગહં નિસીહિ અહોકાયં કાયસંફાસં** ખમણિજ્જો

૨. વત્થ **પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં પાઢિયારુ** પીઢ

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન કેટલા દિવસનું તપ કરતા હતા? પારણામાં કેવો અને શેનો આહાર કરતા હતા? (૨)

**જ. ભગવાન ક્યારેક ક્યારેક ૧૫ દિવસ, ૧ મહિનો, ૨ મહિના કે તેથી અધિક ૬ મહિના સુધી આહાર–પાણી વિનાનું તપ કરતા હતા. પારણામાં સાદો, ઠંડો, નીરસ અને લૂખા – સૂકા ભાત, બોરનો ભૂક્કો, અડદના બાકુળાનો નિરસ આહાર કરતા હતા.**

૨. ભગવાન પોતાની ઈન્દ્રિયોને કેવી રીતે ગુપ્ત રાખતા હતા? (૧.૫×૨)

**જ. જેમ યુદ્ધમાં આગળ રહીને યુદ્ધ કરનારો વીર યોદ્ધો શત્રુઓથી કે તેમના દ્વારા ફેંકાતા શસ્ત્રો આદિથી ભય પામતો નથી તેમ ભગવાન પોતાની ઈન્દ્રિયોને ગુપ્ત રાખતા હતા.**

૩. ભગવાન નિરોગી હોવા છતા શું કરતા હતા? તેઓ શરીરના સંસ્કાર શા માટે કરતા ન હતા?

**જ. અલ્પાહાર (ઉણોદરી). આ ઔદારિક શરીર અશુચિમય છે તેની કોઈપણ ઉપાયોથી શુદ્ધિ થઈ શક્તી નથી તેવું જાણી ને શરીરના સંસ્કાર કરતા નહોતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દીર્ઘ આયુષ્યકર્મ બંધના કારણો લખો.

**જ. ૧) હિંસાનો ત્યાગ કરે, ૨) અસત્યનો ત્યાગ કરે, ૩) તથારૂપના શ્રમણ–માહણને પ્રાસુક, એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહારનું દાન આપે.**

૨. વિસ્રસા પરિણત અને પર્યાય સ્થવિર એટલે શું?

**જ. વિસ્રસા પરિણત એટલે જીવના પ્રયોગ વિના સ્વાભાવિક રીતે વિસ્રા પરિણામથી બનેલા હોય. જેમ કે બે**

**પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધ, વાદળા, ઈન્દ્ર ધનુષ વગેરે. પર્યાય સ્થવિર એટલે ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા સાધુ.**

૩. સાધુના ત્રણ મનોરથ કયા છે?

**જ. ૧) ક્યારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ? ૨) ક્યારે હું એકલવિહાર પ્રતિમાનો સ્વીકાર કરીશ? ૩) ક્યારે હું જીવનના અંતે આહાર અને કષાયના ત્યાગરૂપ સંલેખનાની આરાધના કરી, આહાર-પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સંથારો કરી, મૃત્યુની ઈચ્છા કર્યા વિના વિચરીશ?**

૪. શૈક્ષભૂમિ એટલે શું? કઈ કઈ?

**જ. દીક્ષા દીધા પછી પાંચ મહાવ્રતોનું આરોપણ કરવું અથવા વડી દીક્ષા આપવી. ૧) ઉત્કૃષ્ટ છ મહિના, ૨) મધ્યમ ચાર મહિના, ૩) જઘન્ય ૭ દિવસ.**

૫. દેવો કેટલા પ્રકારે પશ્ચાતાપ કરે છે? પહેલો પ્રકાર લખો.

**જ. ત્રણ. અહો ! મેં શારીરિક બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ અથવા ઉપદ્રવ રહિત સુકાળમાં આચાર્ય અને ઉપાધ્યાયનો સંયોગ મળવા છતા તથા નિરોગી શરીર હોવા છતા પણ ઘણા સૂત્રનું અધિક અધ્યયન કર્યું નહિ.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. માલુકાકચ્છનું વર્ણન કરો.

**જ. અંજન સમાન કાળા વર્ણનું હતું. તે જોનારને કાળું અને મેઘસમૂહ જેવું લાગતું હતું. તે ઘણા વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલાઓ વગેરેથી ભરેલું હતું. તે અંદરથી પોલું અને બહારથી ગીચ હતું એટલે બહારથી અંદર દષ્ટિ ન જાય તેવું હતું. અનેક હિંસક પશુઓ અને સર્પોથી યુક્ત ભયજનક હતું.**

૨. સાધુ-સાધ્વી અનંત સંસાર પાર કેવી રીતે કરે છે અને સંસારની વૃદ્ધિ કેવી રીતે કરે છે?

**જ. જે સાધુ કે સાધ્વી સંયમ લઈને આહાર આદિમાં આસક્ત થતા નથી, પરંતુ માત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ માટે આહાર-પાણી કરે છે, તે અનંત સંસારથી પાર થાય છે અને જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર પાણીમાં મુગ્ધ થાય છે, તે અનંત સંસાર વધારે છે.**

૩. બાળકના જન્મ પછી માતા-પિતાએ શું કર્યું? તેનું નામ દેવદત્ત શા માટે રાખવામાં આવ્યું?

**જ. બાળકના જન્મ પછી માતા-પિતાએ જાત કર્મ, નામ સંસ્કાર કર્યા. વિપુલ અન્ન આદિ તૈયાર કરાવી મિત્ર, જ્ઞાતિજન આદિને ભોજન કરાવ્યું. આ પુત્ર ઘણી નાગ પ્રતિમાઓ અને વૈશ્રમણ પ્રતિમાઓની માનતા કરવાથી થયેલ છે તેથી તેનું નામ દેવદત્ત રાખવામાં આવ્યું.**

૪. સુબુદ્ધિ પ્રધાને દીક્ષા લીધા પછી શું કર્યું?

**જ. ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કર્યું. ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કરી, ૧ માસનો સંથારો કરી સંલેખના સહિત, સમાધિપૂર્વક સિદ્ધિ પ્રાપ્ત કરી લીધું.**

૫. જિતશત્રુ રાજાએ આહારની પ્રશંસા કરતા શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય, મનને પ્રસન્ન કરનાર આહાર-પાણી કેટલા ઉત્તમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી યુક્ત છે? તે કેટલું આસ્વાદ કરવા યોગ્ય, પુષ્ટિકારક, બળ દેનાર, દર્પ ઉત્પન્ન કરનાર, સમસ્ત ઈન્દ્રિયોને અને શરીરને કેટલો આહ્લાદ ઉત્પન્ન કરનાર છે.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દેવ રૂપી સાપનું વર્ણન કરો.

**જ. સાપ ઉગ્ર વિષયુક્ત હતો. સ્વભાવથી જટિલ, ભયાનક, કર્કશ, કઠોર અને વિકટ - વિસ્તીર્ણ પોતાની ફેણનો આડંબર કરવામાં નિપુણ હોંશિયાર હતો. ધગધગતી લોઢાની ભટ્ઠી જેવો, ધમધમ શબ્દો કરી રહ્યો હતો, રોકવાને અશક્ય એવો તીવ્ર પ્રચંડ રોષથી યુક્ત હતો.**

૨. ભગવાન મહાવીર સ્વામીએ સાધુ–સાધ્વીઓને શું કહ્યું?

**જ. હે આર્યો! ગૃહસ્થ અવસ્થામાં રહીને શ્રાવકધર્મનું પાલન કરતા હોય ત્યારે તેમાં જ્યારે દેવ, માનવ કે તિર્યંચ સંબંધી ઉપસર્ગોને શ્રમણોપાસક સમ્યક પ્રકારે સહન કરે છે અને ધર્મથી વિચલિત થતા નથી, તો સાધુ–સાધ્વીની સહનશીલતા કેવી હોય? તેઓ તો અષ્ટપ્રવચન માતાથી લઈ દ્વાદશાંગીરૂપ ગણિપિટક, શ્રુતજ્ઞાનના ધારક હોય છે તેથી તેમને તો દેવ,મનુ. કે તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવા જ જોઈએ.**

૩. શક્રેન્દ્ર કેટલા દેવો વચ્ચે ક્યા બેઠા હતા?

**જ. શક્રેન્દ્ર સૌધર્મવતંસક વિમાનમાં ૮૪૦૦૦ સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ૪ લોકપાલો, ૮ અગ્રમહિષી આદિ તથા અન્ય દેવ–દેવીઓ વચ્ચે પોતાના સિંહાસન પર બિરાજેલ હતા.**

૪. હાથીને ક્યા અંગો હતા? તેની ગતિ કેવી હતી?

**જ. હાથીને સાત અંગો હતા. ૪ પગ, સૂંઢ, પૂંછડી અને લિંગ હતા. મન અને પવનની ગતિને જીતનાર શીઘ્ર ગતિ કરવાવાળો હતો.**

૫. પિશાચ રૂપી દેવે કામદેવ શ્રાવકને કેવી વેદના આપી? કામદેવ શ્રાવકે શું કર્યું?

**જ. પિશાચ અત્યંત ગુસ્સે થઈને ભ્રમર ખેંચીને તેના નીલકમળ જેવી તીક્ષ્ણ ધારવાળી તલવારથી શરીરના ટુકડેટુકડા કરી નાખ્યા. કામદેવને અસહ્ય વેદના થઈ, પરંતુ તે સર્વ વેદના તેમણે સમભાવે સહન કરી.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અનીકસેનનું પાલન કેટલી ધાવમાતાઓએ કર્યું? કઈ કઈ? **(૨×૨)**

**જ. પાંચ. ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડાધાત્રી, અંકધાત્રી.**

૨. અનીકસેનની પત્નીઓના ગુણોનું વર્ણન કરો.

**જ. સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, રૂપ, યૌવન તેમ જ સુશીલતા આદિ ગુણો હતા.**

૩. અનીકસેન કુમાર કઈ નગરીમાં રહેતા હતા? ત્યાંના રાજાનું નામ શું હતું? **(૧)**

**જ. ભદ્દિલપુર, જિતશત્રુ.**

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારની આંગળીઓ તપથી કેવી થઈ ગઈ હતી? **(૨×૨)**

**જ. તુવેરની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવામાં આવી હોય અને કરમાઈ ગઈ હોય એવી સૂકાઈને લોહી–માંસ રહિત બની ગઈ હતી.**

૨. ધન્ના અણગારે ધર્મ જાગરણ કરતા શું વિચાર કર્યો?

**જ. મોટા તપના કારણે શરીર શુષ્ક થઈ જવાથી મારી નસો દેખાવા લાગી છે, પણ હજી મારામાં ઉત્થાન, બળ, આરાધનાથી યુક્ત થઈ, આહાર–પાણીનો ત્યાગ કરી અને મૃત્યુની દરકાર નહિ કરતા રહેવું શ્રેયસ્કર છે.**

૩. કાકંદી નગરીનું વર્ણન કરો. **(૧)**

**જ. કાકંદી નગરી જન, મન અને ભવનોથી સમૃદ્ધ હતી. તે નગરીની બહાર સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું.**

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)**

૧. અગ્ગબીયા **મૂલબીયા પોરબીયા ખંધબીયા બીયરુહા** સંમુચ્છિમા

૨. સે સિએણ વા **વિહુયયણેણ વા તાલિયંટેણ વા પત્તેણ વા પત્તભંગેણ વા** સાહાએ

૩. ત્રસ પ્રાણી હાથ પર ચડી જાય તો શું કરવું જોઈએ? અર્થ સાથે મૂળપાઠ લખો. **(૫)**

**જ. તઓ–હાથ પરથી સંજયામેવ–જતનાથી પડિલેહિય પડિલેહિય–વારંવાર સારી રીતે પ્રતિલેખન કરીને પમજ્જિય પમજ્જિય–વારંવાર સમ્યક્ રીતે પોંજીને એગંતં–એક સ્થાનમાં અવણિજ્જા–રાખી દે, પરંતુ તે જીવોને નો ણં સંઘાયમાવજ્જેજ્જા–એવી રીતે રાખે નહિ કે જેથી તે જીવોને પીડા થાય.**

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. નિવ્વાવિજ્જા | **ઓલવે નહિ** | ૨. સિલાગહત્થેણ | **લોખંડની સળીના સમૂહથી** |
| ૩. સંકુચિયં | **શરીર સંકોચનારા** | ૪. પુઢોસત્તા | **ભિન્ન ભિન્ન સત્તાવાળા છે** |
| ૫. વઈજ્જા | **બોલીશ** | ૬. અહાવરે | **આ પછી** |

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. ગ્રહણ કરતા – **ગિણ્હંતે** ૨. વૃક્ષની કપાયેલી ડાળી પર – **છિન્નેસુ વા** ૩. નિશ્ચયથી – **ખલુ**

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંસાર સંસ્થાન કાળ એટલે શું? દેવનો સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? અલ્પબહુત્વ લખો. શૂન્યકાળ કોને કહેવાય? **(૬)**

**જ. સંસારમાં રહેવાપણું. ત્રણ પ્રકારનો. સર્વથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો, તેથી શૂન્યકાળ અનંતગુણો. શૂનયકાળ – તે વિવિક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાં તે વિવિક્ષિત સમય વાળો એકપણ જીવ તેની સાથે ન હોવો તે. તે જીવનો તે ગતિનો શૂન્યકાળ છે. ઉદાહરણ – ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા. તે જીવ મરીને તિર્યંચ, મનુષ્ય કે દેવ આદિ ત્રણે ગતિમાં થઈ ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના એકપણ નારકી હતા નહિ.**

૨. મોક્ષમાં ચારિત્ર હોય? શા માટે? મોક્ષમાં શું લઈને જવાય? **(૩)**

**જ. મોક્ષમાં ચારિત્ર ન હોય કારણ કે ચારિત્ર અંગીકાર કર્મના ક્ષય માટે છે, સંપૂર્ણ ચારિત્ર પાળવાથી મોક્ષગતિ થઈ શકે છે, માટે મોક્ષમાં ચારિત્રનું કોઇ પ્રયોજન નથી. મોક્ષમાં જ્ઞાન અને દર્શન લઈને જવાય.**

૩. ઈહભવિક એટલે શું? જ્ઞાન તદુભયિક છે? **(૧)**

**જ. આ ભવમાં જ રહેનારું. હા.**

**(૧૦)**

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૨૫૬ રાશિમાં ૭ થી ૧૦ બોલનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા અનાકાર ઉપયોગવાળા, તેથી સાકાર ઉપયોગવાળા સં.ગુણા, તેથી નોઈન્દ્રિય ઉપયોગવાળા વિશેષાધિક, તેથી અશાતા વેદનીયવાળા વિશેષાધિક.**

૨. અપર્યાપ્તા અને પર્યાપ્ત જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પ બહુત્વ લખો.

**જ. અપર્યાપ્તા જીવોના ઢગલા ૨ ઢગલા અને પર્યાપ્તા જીવોના ઢગલા ૨૫૪ ઢગલા. અપર્યાપ્તા ઓછા અને પર્યાપ્તા વધારે. સર્વથી થોડા અપર્યાપ્તા તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા.**

૩. તીર્થદ્વારમાં રહેલા જીવોમાં ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

**જ. સ્ત્રી તીર્થંકર ઉ. ૨, પુરુષ તીર્થંકર ઉ. ૪, સ્વયંબુદ્ધ સિદ્ધ ૪, પ્રત્યેકબુદ્ધ અને અતીર્થમાં સિદ્ધ થાય તો ૧૦, બુદ્ધબોધિત અને તીર્થમાં સિદ્ધ થાય તો ૧૦૮, એક સિદ્ધ – ૧, અનેક સિદ્ધ ૧૦૮.**

૪. જે ક્ષેત્રમાં ૧૦૮ સિદ્ધ થાય તો નિરંતર કેટલા સમય સુધી સિદ્ધ થાય? પછી શું થાય અન ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

**જ. જે ક્ષેત્રમાં ૧૦૮ સિદ્ધ થાય તો નિરંતર ૮ સમય સુધી સિદ્ધ થાય. પછી અંતર પડે છે. જ. ૧ ઉ. ૩૨.**

૫. ૩૩ બોલમાંથી મનુષ્યાણી, જ્યોતિષી દેવી, તિર્યાંચણી અને પહેલા દેવલોકની દેવીનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડી જ્યોતિષી દેવી, તેથી તિર્યાંચાણી સંખ્યાતગુણી, તેથી મનુષ્યાણી સંખ્યાતગુણી, તેથી પહેલા દેવલોકની દેવી સંખ્યાતગુણી.**

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્ર અંગ છે કે ઉપાંગ છે? આ સૂત્રના કેટલા વિભાગો છે? ૧૪ મા અને ૨૬ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૨)

**જ. અંગ. બે ખંડ કે ઉદ્દેશક આદિ વિભાગો નથી. ૧૪ મા સમવાયમાં જીવોનો સમૂહ, ૧૪ જીવસ્થાનક આદિ. ૨૬ મા સમવાયમાં ત્રણ છેદ સૂત્રના ૨૬ ઉદ્દેશન કાળ આદિ.**

૨. રાયપસેણીય સૂત્રમાં કેટલા અને કયા કયા અધિકાર છે? (૧.૫×૨)

**જ. ત્રણ. ૧) સૂર્યાભદેવનો ૨) પરદેશી રાજાનો ૩) દઢપ્રતિજ્ઞ કેવળીનો.**

૩. કેશી સ્વામી સાથે ચર્ચા કરીને પરદેશી રાજા કેવા બન્યા?

**જ. કેશી સ્વામી સાથે ચર્ચા કરીને પરદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિકમાંથી ધાર્મિક અને નાસ્તિકમાંથી આસ્તિક બન્યા**

**જય – જિનેન્દ્ર**